વિભાગના અગ્ર સચિવશ્રીઓ વચ્ચે
પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની
કામગીરીની વહેંચણી બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ક્રમાંક: મકમ-૨૦૦૮-૩૧૨૦-ફ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 12 2 DEC 2017

આમુખ:

વિભાગની પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની તમામ પ્રકારની કામગીરી અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના નિયંત્રણ હેઠળ નાયબ સચિવશ્રી (તપાસ) દ્વારા કરવામાં આવે છે. જેમાં ફેરફાર કરી ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની કામગીરી અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) હસ્તક તથા ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણના વર્ગ-૧-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની કામગીરી અગ્ર સચિવશ્રી (ઉ.શિ. અને ટે.શિ.) હસ્તક મુકવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા, વર્ગ-૧-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની કામગીરી "ઇ શાખા" દ્વારા નાયબ સચિવશ્રી(તપાસ) મારફત અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.અને મા.શિ.) ના નિયંત્રણ હેઠળ કરવાની રહેશે.

૨. ઉચ્ચ શિક્ષણના વર્ગ-૧-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ/ ખાતાકીય તપાસની કામગીરી "ઇ-૧ શાખા" દ્વારા ઉપ સચિવશ્રી (ઉ.શિ.)/નાયબ સચિવશ્રી (ઉ.શિ.) મારફત અને ટેકનિકલ શિક્ષણના વર્ગ-૧-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસ/ખાતાકીય તપાસની કામગીરી પણ "ઇ-૧ શાખા" દ્વારા ઉપ સચિવશ્રી(ટે.શિ.)/નાયબ સચિવશ્રી(ટે.શિ.) મારફત અગ્ર સચિવશ્રી (ઉ.શિ. અને ટે.શિ.) ના નિયંત્રણ હેઠળ કરવાની રહેશે.

૩. અન્ય કામગીરી યથાવત રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સમાન્ય વહીવટ વિભાગની તા.૧૭/૧૨/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નિકુંજ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

શ્રી પંચાલ
1.1.18

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી (ઉ.શિ અને ટે.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (તપાસ., ટે.શિ. અને ઉ.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (તપાસ, ટે.શિ. અને ઉ.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ઇ ,ઇ-૧ શાખા) , શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - ➢ સંબંધિત તમામ રેકર્ડ નાયબ સચિવશ્રી (ટે.શિ.)/નાયબ સચિવશ્રી(ઉ.શિ.) મારફત ઇ-૧ શાખાને મોકલી આપવાની વિનંતી સહ
- નાયબ સચિવશ્રી (તપાસ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, શિક્ષણ વિભાગ,  સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઈલ/ નાયબ સેકશન અધિકારી. સિલેકટ ફાઈલ.